**સરદાર પટેલ આવાસ યોજના હેઠળ આવાસ વિહોણા તથા કાચા આવાસો ધરાવતા ૧૭ થી ૨૦ નો ગુણાંક ધરાવતા બીપીએલ કુટુંબોને આવાસો પુરા પાડવાની મંજૂરી બાબત**

**ગુજરાત સરકાર**
**પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**
**ઠરાવ ક્રમાંક : એસીએસ/૧૦૨૦૧૨/૧૦૧૧૨૩/લ (પાર્ટ ફાઈલ)**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખ :૧૪/૦૯/૨૦૧૨**

**વંચાણે લીધું :–**

૧. પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગનો તા.૨/૪/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક : એસીએસ/૧૦૨૦૧૨/૧૦૧૧૨૩/આવાસ યોજના/લ
૨. પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગનો તા.૩/૮/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક : એસીએસ/૧૦૨૦૧૨/૧૦૧૧૨૩/લ
૩. વિકાસ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૨૧/૮/૨૦૧૨ નો પત્ર ક્રમાંક : વિક/કાર્યક્રમ–૧/સઆયો/૨૨૩૨/૧૨

**પ્રસ્તાવના :–**

રાજયમાં ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા બીપીએલ લાભાર્થીઓને ઈન્દિરા આવાસ યોજના, સરદાર આવાસ યોજના, આદિમજુથ આવાસ યોજના, પંડિત દીનદયાળ યોજના, આંબેડકર આવાસ યોજના ઈત્યાદિ હેઠળ આવાસની સુવિધા પુરી પાડવામાં આવેલ. ૦ થી ૧૬ સ્કોર ધરાવતા મોટા ભાગના બી.પી.એલ. લાભાર્થીઓને જુદી જુદી આવાસ યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલ હોઈ આ વિભાગના વંચાણ–૧ માં દર્શાવેલ ઠરાવથી ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા બીપીએલ લાભાર્થીઓને પણ ઉપરોકત યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલ છે. રાજય સરકારે ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા અને કાચા આવાસો ધરાવતા તમામ લાભાર્થીઓને આવાસની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી રાજયના ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા ૭૮,૮૧૬ બીપીએલ કુટુંબો માટે ચાલુ નાણાંકીય વર્ષના બજેટમાં રૂા.૩૫,૪૬૭.૨૫ લાખની જોગવાઈ કરેલ હતી. તેમાં ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા બાકી રહેતા ૩,૫૩,૮૮૬ બીપીએલ કુટુંબો માટે રૂા.૧,૫૯,૨૪૮.૭૦ લાખની વધારાની જોગવાઈની મંજૂરી વંચાણ–૨ માં જણાવેલ ઠરાવથી આપવામાં આવેલ છે.

રાજય સરકારનું આયોજન ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન રાજયના ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા તમામ આવાસ વિહોણા અને કાચા આવાસ ધરાવતા લાભાર્થીઓને આવાસની સુવિધા પુરી પાડવાનું છે. વંચાણ–૩ માં જણાવેલ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી તરફથી મળેલ દરખાસ્ત મુજબ પંચમહાલ જિલ્લાના ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા તથા કાચા આવાસ ધરાવતા ૨૦,૭૮૦ લાભાર્થીઓ ઉપરોકત વંચાણ–૨ માં જણાવેલ ઠરાવ પૈકી બાકી રહી ગયેલ હોઈ તેમનો પણ ચાલુ નાણાંકીય વર્ષમાં સમાવેશ કરવા દરખાસ્ત કરેલ છે. રાજય સરકારે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ માં રાજયના ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા તથા કાચા આવાસ ધરાવતા કોઈ પણ લાભાર્થી આવાસની સુવિધાથી વંચિત રહી ન જાય તે હેતુથી કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :–**

તા.૧/૪/૨૦૧૨ ની સ્થિતિએ રાજય સરકારે ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા બાકી કુટુંબોને તેમજ કાચા આવાસ ધરાવતા બાકી રહેતા તમામ કુટુંબોને આવાસની સુવિધા પુરી પાડવા સારું આ યોજનાનો વિસ્તૃતીકરણ કરવાનો નિર્ણય લીધેલ છે અને તે માટે સને ૨૦૧૨–૧૩ ના અંદાજપત્રમાં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા ૭૮,૮૧૬ બીપીએલ કુટુંબો માટે રૂ.૩૫,૪૬૭.૨૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે તેમાં વંચાણ–૨ માં જણાવેલ ઠરાવથી તેમાં વધારો કરી ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા બાકી રહેતા ૩,૫૩,૮૮૬ બીપીએલ કુટુંબો માટે કુલ રૂ.૧,૫૯,૨૪૮.૭૦ લાખની વધારાની જોગવાઈની મંજૂરી આપવામાં આવેલ છે.

વિકાસ કમિશ્નરશ્રી તરફથી વંચાણ–૩ થી મળેલ દરખાસ્તને ઘ્યાને લઈ પંચમહાલ જિલ્લાના જનરલ સદરના ૧૨,૭૩૪ તેમજ ટ્રાયબલ સદરના ૮,૦૪૬ લાભાર્થીઓ મળી કુલ ૨૦,૭૮૦ બીપીએલ લાભાર્થીઓ માટે રૂ.૯૩૫૧/– લાખની (અંકે રૂપિયા ત્રાણું કરોડ એકાવન લાખ પુરા) ની વધારાની જોગવાઈની મંજૂરી (સામાન્ય, ખાસ અંગભૂત યોજના અને ટ્રાયબલ સબ–પ્લાન હેઠળ દર્શાવેલ વધુ રકમની ગ્રાન્ટ આગામી સુધારેલ અંદાજપત્રમાં રજુ કરીને મંજૂરી મેળવવાની શરતે) નીચેની શરતોને આધીન રહીને આપવામાં આવે છે.

**આવાસ વિહોણા તથા કાચા આવાસ ધરાવતા લાભાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.**

| સદર | વર્ષ ૨૦૧૨-૧૩ બજેટમાં આવરી લીધેલ લાભાર્થીઓ | આવાસ વિહોણા તથા કાચા આવાસ ધરાવતા વધારાના લાભાર્થીઓ (તા.૩/૮/૨૦૧૨ ના ઠરાવમાં આવરી લીધેલ) | પંચમહાલ જિલ્લાનાઆવાસ વિહોણા તથા કાચા આવાસ ધરાવતા વધારાના લાભાર્થીઓ |
|---|---|---|---|
| જનરલ | ૧૭૦૦૨ | ૧૭૫૭૬૫ | ૧૨૭૩૪ |
| ટ્રાયબલ | ૪૫૦૬૭ | ૧૬૩૨૫૧ | ૮૦૪૬ |
| ખાસ અંગભૂત | ૧૬૭૪૭ | ૧૪૮૭૦ | - |
| **કુલ** | **૭૮૮૧૬** | **૩૫૩૮૮૬** | **૨૦૭૮૦** |

વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઈ તથા વધારાની કરવાપાત્ર જોગવાઈની વિગતો નીચે મુજબ છે.

| સદર | વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઈ (રૂા.લાખમાં) | વધારાની સુધારેલ જોગવાઈ (રૂા.લાખમાં) (તા.૩/૮/૨૦૧૨ ના ઠરાવ મુજબ) | પંચમહાલ જિલ્લા માટે કરવાની વધારાની જોગવાઈ (રૂા.લાખમાં) | કુલ જોગવાઈ (રૂા.લાખમાં) |
|---|---|---|---|---|
| માંગણી ક્રમાંક-૭૧ નોર્મલ | ૭૬૫૧ | ૭૯૦૯૪.૨૫ | ૫૭૩૦.૩૦ | ૯૨૪૭૫.૫૫ |
| માંગણી ક્રમાંક-૯૬ ટી.એ.એસ.પી. | ૨૦૨૮૦.૨૫ | ૭૩૪૬૨.૯૫ | ૩૬૨૦.૭૦ | ૯૭૩૬૩.૯૦ |
| માંગણી ક્રમાંક-૯૫ એસ.સી.પી. | ૭૫૩૬ | ૬૬૯૧.૫૦ | - | ૧૪૨૨૭.૫૦ |
| **કુલ** | **૩૫૪૬૭.૨૫** | **૧૫૯૨૪૮.૭૦** | **૯૩૫૧.૦૦** | **૨૦૪૦૬૬.૯૫** |

આ વિભાગના વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં સમાવિષ્ટ કરેલ ૭૮,૮૧૬ લાભાર્થીઓ, તા.૩/૮/૨૦૧૨ ના ઠરાવથી સમાવિષ્ટ કરેલ ૩,૫૩,૮૮૬ લાભાર્થીઓ તેમજ આ ઠરાવથી આવરી લેવામાં આવેલ પંચમહાલ જિલ્લાના ૨૦,૭૮૦ લાભાર્થીઓ કે જે તમામ ૧૭ થી ૨૦ ના ગુણાંક ધરાવે છે તેમજ આવાસ વિહોણા અથવા કાચા આવાસ ધરાવે છે તેવા કુલ-૩૫૩૪૮૨ લાભાર્થીઓની જિલ્લાવાર સંખ્યાની સંયુકત યાદી અંગેના પરિશિષ્ટ-૧ અને ૨ આ સાથે સામેલ છે.

વંચાણ–૨ માં જણાવેલ ઠરાવમાં દર્શાવવામાં આવેલ તમામ શરતો યથાવત રહેશે. આ ઉપરાંત પાત્રતા ધરાવતા લાભાર્થીને જ યોજનાનો લાભ મળે તે માટે સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ ખાસ કાળજી લેવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૭/૯/૨૦૧૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**બિડાણ : ઉપર મુજબ**

**(આઈ.એમ.શેખ)**
**નાયબ સચિવ**
**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને**
**ગ્રામ વિકાસ વિભાગ**

પ્રતિ,

– માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
– માન.મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
– સર્વે માન.મંત્રીશ્રી, રા.ક.મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
– એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ
– કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજય, ગાંધીનગર
– વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
– સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
– સર્વે જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત)
– સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
– નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– શાખા સિલેકટ ફાઈલ

# પરિશિષ્ટ–૧

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : એસીએસ/૧૦૨૦૧૨/૧૦૧૧૨૩/લ (પાર્ટ ફાઈલ), તા.૧૪/૯/૨૦૧૨ નું બિડાણ

પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગના વર્ષ ૨૦૧૨–૧૩ ના બજેટમાં તેમજ તા.૩/૮/૨૦૧૨ અને તા.૧૪/૯/૨૦૧૨ ના ઠરાવથી મંજૂર કરવામાં આવેલ ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા લાભાર્થીઓની જિલ્લાવાર સંયુક્ત યાદી

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૨–૧૩ ના બજેટમાં આવરી લીધેલ લાભાર્થીઓની સંખ્યા | તા.૩/૮/૨૦૧૨ ના ઠરાવમાં આવરી લીધેલ ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા લાભાર્થીઓની સંખ્યા | તા.૧૪/૯/૨૦૧૨ ના ઠરાવમાં આવરી લીધેલ ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા આવાસ વિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા લાભાર્થીઓની સંખ્યા | કુલ લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અમદાવાદ | ૧૫૯૮ | ૬૧૬૪ | - | ૭૭૬૨ |
| ૨ | અમરેલી | ૧૮૦૨ | ૯૬૪૨ | - | ૧૧૪૪૪ |
| ૩ | આણંદ | ૩૮૭ | ૨૯૩૪૯ | - | ૨૯૭૩૬ |
| ૪ | બનાસકાંઠા | ૧૧૦૧ | ૨૯૧૮૬ | - | ૩૦૨૮૭ |
| ૫ | ભાવનગર | ૮૩૭ | ૬૩૩૫ | - | ૭૧૭૨ |
| ૬ | ભરૂચ | ૨૬૦૦ | ૯૩૮૯ | - | ૧૧૯૮૯ |
| ૭ | દાહોદ | ૧૪૨૯૮ | ૪૭૪૦૯ | - | ૬૧૭૦૭ |
| ૮ | ડાંગ | ૧૫૦૫ | ૪૪૮૯ | - | ૫૯૯૪ |
| ૯ | ગાંધીનગર | ૮૬૧ | ૩૬૯૨ | - | ૪૫૫૩ |
| ૧૦ | જામનગર | ૩૩૬ | ૭૧૯ | - | ૧૦૫૫ |
| ૧૧ | જુનાગઢ | ૧૬૬ | ૩૧૮૨ | - | ૩૩૪૮ |
| ૧૨ | ખેડા | ૯૭૧૯ | ૨૨૭૬૨ | - | ૩૨૪૮૧ |
| ૧૩ | કચ્છ | ૮૨૮ | ૨૩૮૦ | - | ૩૨૦૮ |
| ૧૪ | મહેસાણા | ૨૭૨૫ | ૭૮૭૯ | - | ૧૦૬૦૪ |
| ૧૫ | નર્મદા | ૩૮૧૪ | ૨૧૦૭૦ | - | ૨૪૮૮૪ |
| ૧૬ | નવસારી | ૩૧૧૧ | ૭૬૦૯ | - | ૧૦૭૨૦ |
| ૧૭ | પંચમહાલ | ૨૭૧ | ૩૭૫૪૨ | ૨૦૭૮૦ | ૫૮૫૯૩ |
| ૧૮ | પોરબંદર | ૧૦૯ | ૬૩૦ | - | ૭૩૯ |
| ૧૯ | પાટણ | ૧૫૯૪ | ૪૩૦૦ | - | ૫૮૯૪ |
| ૨૦ | રાજકોટ | ૮૫૯ | ૫૧૧૬ | - | ૫૯૭૫ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૨૧૫૧ | ૬૬૫૩ | - | ૮૮૦૪ |
| ૨૨ | સાબરકાંઠા | ૭૪૬ | ૩૦૯૩ | - | ૩૮૩૯ |
| ૨૩ | સુરત | ૫૬૫૮ | ૮૯૪૪ | - | ૧૪૬૦૨ |
| ૨૪ | વડોદરા | ૯૩૫૭ | ૩૮૪૭૦ | - | ૪૭૮૨૭ |
| ૨૫ | વલસાડ | ૬૩૩૩ | ૧૭૭૩૩ | - | ૨૪૦૬૬ |
| ૨૬ | તાપી | ૬૦૫૦ | ૨૦૧૪૯ | - | ૨૬૧૯૯ |
| | કુલ | ૭૮૮૧૬ | ૩૫૩૮૮૬ | ૨૦૭૮૦ | ૪૫૩૪૮૨ |

# પરિશિષ્ટ – ૨

પરિશિષ્ટ – ૧ ના કોલમ નંબર–૬ માં દર્શાવેલ લાભાર્થીઓની વિગતવાર સંખ્યા દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | જનરલ | ખાસ અંગભૂત | ટ્રાયબલ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અમદાવાદ | ૫૭૭૬ | ૧૫૫૧ | ૪૩૫ | ૭૭૬૨ |
| ૨ | અમરેલી | ૯૦૪૨ | ૨૩૯૯ | ૩ | ૧૧૪૪૪ |
| ૩ | આણંદ | ૨૮૫૬૭ | ૧૦૧૦ | ૧૫૯ | ૨૯૭૩૬ |
| ૪ | બનાસકાંઠા | ૨૦૮૫૪ | ૩૭૭૦ | ૫૬૬૩ | ૩૦૨૮૭ |
| ૫ | ભાવનગર | ૬૩૪૭ | ૮૨૨ | ૩ | ૭૧૭૨ |
| ૬ | ભરૂચ | ૧૯૧૭ | ૨૪૮ | ૯૮૨૪ | ૧૧૯૮૯ |
| ૭ | દાહોદ | ૧૨૪૭૦ | ૩૨૪૪ | ૪૫૯૯૩ | ૬૧૭૦૭ |
| ૮ | ડાંગ | ૩૮ | ૩ | ૫૯૫૩ | ૫૯૯૪ |
| ૯ | ગાંધીનગર | ૪૨૨૨ | ૩૩૧ | ૦ | ૪૫૫૩ |
| ૧૦ | જામનગર | ૭૮૪ | ૨૭૧ | ૦ | ૧૦૫૫ |
| ૧૧ | જુનાગઢ | ૨૫૪૩ | ૭૭૩ | ૩૨ | ૩૩૪૮ |
| ૧૨ | ખેડા | ૨૮૧૩૧ | ૩૯૩૭ | ૪૧૩ | ૩૨૪૮૧ |
| ૧૩ | કચ્છ | ૨૫૭૪ | ૬૨૩ | ૧૧ | ૩૨૦૮ |
| ૧૪ | મહેસાણા | ૮૪૧૨ | ૨૧૯૨ | ૦ | ૧૦૬૦૪ |
| ૧૫ | નર્મદા | ૧૬૨૭ | ૬૭૮ | ૨૨૫૭૯ | ૨૪૮૮૪ |
| ૧૬ | નવસારી | ૬૩૧ | ૦ | ૧૦૦૮૯ | ૧૦૭૨૦ |
| ૧૭ | પંચમહાલ | ૩૫૩૭૩ | ૨૭૬૩ | ૨૦૪૫૭ | ૫૮૫૯૩ |
| ૧૮ | પોરબંદર | ૫૭૮ | ૧૬૧ | ૦ | ૭૩૯ |
| ૧૯ | પાટણ | ૫૨૯૮ | ૫૭૦ | ૨૬ | ૫૮૯૪ |
| ૨૦ | રાજકોટ | ૪૮૦૪ | ૧૧૭૧ | ૦ | ૫૯૭૫ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૬૨૦૦ | ૨૧૮૪ | ૪૨૦ | ૮૮૦૪ |
| ૨૨ | સાબરકાંઠા | ૨૭૬૪ | ૦ | ૧૦૭૫ | ૩૮૩૯ |
| ૨૩ | સુરત | ૩૬૭ | ૨૪૬ | ૧૩૯૮૯ | ૧૪૬૦૨ |
| ૨૪ | વડોદરા | ૧૪૮૬૭ | ૨૨૪૮ | ૩૦૭૧૨ | ૪૭૮૨૭ |
| ૨૫ | વલસાડ | ૮૯૧ | ૨૭૩ | ૨૨૯૦૨ | ૨૪૦૬૬ |
| ૨૬ | તાપી | ૪૨૪ | ૧૪૯ | ૨૫૬૨૬ | ૨૬૧૯૯ |
| | **કુલ** | **૨૦૫૫૦૧** | **૩૧૬૧૭** | **૨૧૬૩૬૪** | **૪૫૩૪૮૨** |